# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રીશ્રીના હસ્તે શરૂ થયેલા રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાના પ્રથમદિવસે એક લાખથી વધુ લાભાર્થીઓને 318 કરોડ રૂપિયાથી વધુના લાભો અપાયા
2) **રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2025માં પોલીસ દળ વર્ગ – 3ની વિવિધ શ્રેણીઓમાં કુલ 14 હજાર, 820 જગ્યાઓ પર ભર્તી કરવાની જાહેરાત**
3) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિચારો રજૂ કરશે.**
4) ગાંધીનગર ખાતે રમાઇ રહેલી આંતર જીલ્લા ફૂટબોલ સ્પર્ધાની ફાઇનલમાં આજે જૂનાગઢ ગાંધીનગરની ટીમ વચ્ચે મુકાબલો
5) **અને હવામાન વિભાગ દ્વારા આજે રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM - BK GARIB KALYAN MELO

રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળામાં પ્રથમ દિવસમાં એક લાખથી વધુ ગરીબ લાભાર્થીઓને 318 કરોડ રૂપિયાથી વધુના લાભ-સહાય આપવામાં આવી હતી. ગરીબ કલ્યાણ મેળાની 14મી શૃખંલામાં 12 લાખથી વધુ લાભાર્થીઓને 4 હજાર 500 કરોડ રૂપિયાથી વધુના લાભ-સહાય પહોંચાડવાના આશય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના ડિસાથી ગરીબ કલ્યાણ મેળાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

------------------------------------------------------------------------

- રીપીટ

# GARIB KALYAN MELO

અમદાવાદના સાણંદ એપીએમસી ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો રાજ્યસભાના સાંસદ નરહરિ અમીનના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં 3 હજાર ૭૧૧ લાભાર્થીઓને સ્થળ પર જ ૩૬૩ લાખ રુપિયાથી વધુની સાધન સહાય, ૫૫૮ લાખથી વધુના ચેકનું વિતરણ અને ૮૯૫ લોકોને હુકમપત્રો એનાયત કરાયા.

આણંદ જિલ્લાનાં ગોકુલધામ ખાતે નાયબ મુખ્યદંડક રમણભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો, આ ગરીબ કલ્યાણ મેળામાં ૧ હજાર ૯૭૬ લાભાર્થીઓને ૩ કરોડ ૨૩ લાખ રુપિયાના સાધનો સહાય પેટે આપવામાં આવ્યા.

વડોદરા શહેર અને જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો મુખ્ય દંડક બાળકૃષ્ણ શુકલના અધ્યક્ષસ્થાને વરણામા સ્થિત ત્રિમંદિર ખાતે યોજાયો હતો. જેમાં 52 હજાર લાભાર્થીઓને ૧૮૦ કરોડ રુપિયાની સહાયનું વિતરણ કરાયું.

પોરબંદર જિલ્લામાં રાજ્ય સભાના સાંસદ રામભાઈ મોકરિયા,ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પોરબંદર માર્કેટીંગ યાર્ડ ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. જેમાં ૧ હજાર ૪૬૩ લાભાર્થીઓને ૨ કરોડ ૫૬ લાખથી વધુનાં લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જામનગર જિલ્લા તથા મહાનગર પાલિકા કક્ષાનો સંયુક્ત ગરીબ કલ્યાણ મેડો હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાયો હતો જેમાં રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમાં રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના 40 લાખ થી વધુ લોકોને રૂપિયા 5 હજાર 911 કરોડની સહાય ચૂકવવામાં આવશે.

Byt કૃષિ મંત્રી રઘવજી પટેલ ( DD NEWS )

ભાવનગર, નર્મદા,બનાસકાંઠા સહિત અનેક જિલ્લાઓમાં ગરીબ કલ્યાણ મેળામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના અનેક લાભાર્થીઓને સાધન સહાયનું વિતરણ કરાયું...

----------------------------------------------------------------------

- અમદવાદ, આણંદ, વડોદરા, પોરબંદર, ભાવનગર, નર્મદા,બનાસકાંઠા - પીટીસી- મા.ખાતુ- રિધ્ધિ -(NAVIN)

# GANDHINAGAR GARIB KALYAN MELO

તો ગાંધીનગરના કોબા ખાતે આયોજીત ગરિબ કલ્યાણ મેળાવામાં જિલ્લાના 1 હજાર 737 જેટલા લાભાર્થીઓને રૂપિયા બે કરોડ 80 લાખથી વધુ રકમની સરકારની વિવિધ યોજના અંતર્ગત સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉપસ્થિત યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂતે જણાવ્યું કે રાજય સરકાર ગરીબી હટાવવા માત્ર નારા લગાવીને નહી, પરંતુ ગરીબોને સાધનસહાયનો આધાર આપીને આર્થિક સક્ષમતા બક્ષવાનો નક્કર પ્રયાસ કરી રહી છે.

---------------------------------------------------------------------

- માહિતી ખાતુ - સુનિતા

-(NAVIN)

# DANG GARIB KALYAN MELO

ગરીબી નિવારણ કાર્યક્રમ અંતર્ગત ગરીબ કલ્યાણ મેળાનું ડાંગના આહવા ખાતે આયોજન થયુ હતું. અંદાજે 1 હજાર, 439થી વધુ લાભાર્થીઓએ સરકારના 25થી વધુ વિભાગોની વિવિધ યોજનાઓના લાભ મેળવ્યા. સત્તાવાર આંકડાઓ અનુસાર આ મેળા દરમિયાન કુલ ૪ કરોડ, ૨૭ લાખ, ૪૧ હજાર રૂપિયાથી વધુ રકમના લાભોનું વિતરણ કરાયું. આ પ્રસંગે ઉપસ્થિત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલે મેળાના લાભાર્થીઓને મળેલા વિવિધ સાધન-સહાયનો સદઉપયોગ કરીને પગભર થવાની હાંકલ કરી હતી.

---

- માહિતી ખાતુ 0 સુનિતા

-(NAVIN)

# MLA Dr Harshadbhai Patel Garib Kalyan Yojana

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચાંદલોડિયા ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના મેયર પ્રતિભાબેન જૈન, ધારાસભ્ય ડો હર્ષદભાઈ પટેલ, સ્થાનિક કોર્પોરટેરોએ સરકારની વિવિધ યોજના અંગે લોકોને માહિતગાર કર્યા હતા અને આયુષ્માન કાર્ડ, સ્વનિધિ યોજના અને આધાર કાર્ડ સહિતના લાભ વિતરણ કર્યા હતા.

Byt ધારાસભ્ય ડો હર્ષદભાઈ પટેલ ( DD NEWS )

---------------------------------------------------------------------

- ડીડી ન્યુઝ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# GUJARAT POLICE BHARTI

રાજ્ય સરકારે વર્ષ 2025માં રાજ્યના પોલીસ દળ વર્ગ – 3ની વિવિધ શ્રેણીઓમાં કુલ 14 હજાર, 820 જગ્યાઓ પર ભર્તી કરવાની જાહેરાત કરી છે. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ વિશે માહિતી આપતા જણાવ્યું કે જે જગ્યાઓ પર ભરતી કરવાનું આયોજન છે, તેમાં હથિયારી PSI, બિન હથિયારધારી પીએસઆઈ, વાયરલેસ PSI, ટેક્નિકલ ઑપરેટર, હેડ કોન્સ્ટેબલ, ડ્રાઇવરમોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઇઝર , જેલ પુરુષ અને મહિલા સિપાઈ સહિતની વિવિધ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પોલીસ ખાતાની કચેરીઓની સીનીયર ક્લાર્કની ૪૫ તથા જુનીયર ક્લાર્કની ૨૦૦ જગ્યાઓ મળી કુલ-૨૪૫ જગ્યાઓ પર ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સીધી ભરતી હાથ ધરવામાં આવશે.

---------------------------------------------------------------------

- પીટીસી ગાંધીનગર - સુનિતા

-(NAVIN)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમનો આ 114મો એપિસોડ છે.

આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---------------------------------------------------------------------------

- જયેશ વેગડા, રીપીટ

-(NAVIN)

# FOOTBALL MATCH

ગાંધીનગરમાં રમાઇ રહેલી વરિષ્ઠ ખેલાડીઓ માટેની રિલાયન્સ કપ આંતર જિલ્લા ફૂટબોલ સ્પર્ધાની રમાનારી ફાઇનલમાં આજે જૂનાગઢ અને ગાંધીનગરની ટીમ વચ્ચે મુકાબલો થશે.

આ મેચમાં વિજેતા થયેલા ખેલાડીઓને રાષ્ટ્રીયસ્તરની સંતોષ ટ્રોફી ફૂટબોલ સ્પર્ધાની ગુજરાતની ટીમમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# EK PED MA K NAAM

એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત ધરમપુરના વાઘવળમાં રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં 2 હજારથી વધુ રોપાઓ રોપવામાં આવ્યા હતા.

-----------------------------------------------------------------------

- માહિતી, સુનિતા -(NAVIN)

# GUJ WEATHER

રાજ્યમાં આજે સાર્વત્રિક વરસાદની આગાહી છે. હવામાન વિભાગ અનુસાર બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત. ડાંગ તાપી, નવસારી, વસલાડ, દમણ, દાદરા નગર અને હવેલીમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છના મોટાભાગના જિલ્લાઓ, ખાસ કરીને સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદમાં વરસાદની શક્યતા છે.

------------------------------------------------------------------------

- વેધર સાઇટ – સુનિતા

-(NAVIN)

# GUJARAT RAIN DATA

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદને પગલે રાજ્યના 113 ડેમ સંપૂર્ણ અને 66 ડેમ 70થી 100 ટકા વચ્ચે ભરાઈ ગયા છે. જ્યારે 14 ડેમ 50 ટકાથી 70 ટકા, 08 ડેમ 25 થી 50 ટકા વચ્ચે તેમજ 05 ડેમમાં 25 ટકાથી ઓછો પાણીનો સંગ્રહ થયો છે. આ ઉપરાંત 158 ડેમને હાઈ એલર્ટ, જયારે 12 ડેમ એલર્ટ અને 09 ડેમને ચેતવણી આપવામાં આવી છે.

રાજ્યના જીવાદોરી ગણાતા સરદાર સરોવર યોજનામાં હાલ 3 લાખ, 30 હજાર, 327 એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના 98 ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે રાજ્યના અન્ય 206 જળાશયોમાં 5 લાખ 18 હજાર 109 એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના 92 ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે.

---------------------------------------------------------------------

- માહિતી ખાતુ 0 સુનિતા

-(NAVIN)

# AHMEDABAD NAVRATRI JAHERNAMU

અમદાવાદ પોલીસે 3 ઓક્ટોબરથી 11 ઑક્ટોબર સુધી એટલે કે નવરાત્રીના નવ દિવસ દરમિયાન રાત્રે 10 વાગ્યાથી 12 વાગ્યા સુધીમાં માઇક અને લાઉડ સ્પીકર સિસ્ટમ, સ્પીકર, પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. જોકે રાત્રીના 12 વાગ્યા બાદ માઇક કે લાઉડસ્પીકર વગાડવાની મંજૂરી નથી. અમદાવાદ પોલીસે આ અંગે જાહેનામું બહાર પાડ્યુ છે, જેમાં જણાવ્યું કે જાહેરનામાનો ભંગ કરનાર સામે પગલાં લેવાશે.

---

- માહિતી ખાતુ – સુનિતા

-(NAVIN)

# NAMO SARASVATI VIGNAN SADHANA YOJNA

નમો સરસ્વતી વિજ્ઞાન સાધના’ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યના 1 લાખ 20 હજાર કરતા વધુ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓને 12 કરોડ રૂપિયા કરતા વધુની સહાય ચૂકવાઈ છે.. આ વર્ષે જ પ્રથમવાર અમલી બનાવાયેલી આ યોજના અંતર્ગત ‘નમો સરસ્વતી વિજ્ઞાન સાધના’ યોજના હેઠળ સુરત જિલ્લામાં સૌથી વધુ 16 હજાર 265 વિદ્યાર્થીઓને 1 કરોડ 62 લાખ રૂપિયાથી વધુની સહાય, અમદાવાદ જિલ્લામાં 10 હજાર 411 વિદ્યાર્થીઓને 1 કરોડ ચાર લાખ, રાજકોટ જિલ્લામાં 8 હજાર 697 વિદ્યાર્થીઓને 86 લાખ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઇ છે..

વિદ્યાર્થીઓ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવી ધોરણ-12 સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહક સહાય આ યોજના અંતર્ગત આપવામાં આવે છે.

---------------------------------------------------------------------

- PTC-GANDHINAGAR-DURGESH MEHTA, HARSHAL PANDYA,, SONAL